મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૮/૪૩૧/ન
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦.૧૦.૨૦૧૮

**વંચાણેલીધા:**

(૧) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો,૧૯૬૭

(૨) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫, તા.૦૪.૦૬.૨૦૦૯

(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧, તા.૨૮.૦૩.૨૦૧૬

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૪.૦૬.૨૦૦૯ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ઉપર કરાર આધારિત ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની સેવાની શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓને વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના નાણા વિભાગનાં તા.૨૮.૦૩.૨૦૧૬ના ઠરાવથી સુધારો કરી આ ઠરાવનાં પત્રક-૧ થી નિયત કરવામાં આવેલ છે. જેના પત્રક (૧) થી નિયત થયેલ બોલીઓ અને શરતોની શરત (૧૨) (બ)ની જોગવાઇ મુજબ કર્મચારીઓને કરારની અન્ય શરતો અને બોલીઓ સંતોષતા હોય તેવા કર્મચારીઓને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ થયાં બાદ કરારીય સમયગાળામાં મળવાપાત્ર રજા સિવાયની તેઓની ફરજ પરની ગેરહાજરી (બીન પગારી રજાઓ)ના દિવસો ઉમેરીને ત્યારબાદની તારીખથી નિયમિત નિમણૂંક આપવાની રહે છે.

મહેસૂલ વિભાગ હસ્તકની કલેક્ટર કચેરીઓમાં વર્ષ ૨૦૧૨માં સીધી ભરતીથી કારકુન વર્ગ-૩ સંવર્ગનાં કર્મચારીઓની કરાર આધારે ફિક્સ પગારનાં નિમણૂંક કરવામાં આવી હતી. આ કર્મચારીઓની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા કરારીય સમયગાળા દરમિયાન યોજવામાં આવેલ પરંતુ તેનું પરિણામ પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ થયાં બાદ જાહેર કરવામાં આવેલ હતું. આ કર્મચારીઓને નિયમિત નિમણૂંક તેઓનો પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ થયાં બાદ કરારીય સમયગાળામાં મળવાપાત્ર રજા સિવાયની તેઓની ફરજ પરની ગેરહાજરીના દિવસો ઉમેરીને ત્યારબાદની તારીખથી નિયમિત નિમણૂંક આપવી કે પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષાનું પરિણામ જાહેર થયું તે તારીખથી આપવી તે બાબતે વિવિધ કલેક્ટર કચેરીઓ દ્વારા માર્ગદર્શન માંગવામાં આવેલ હતું. જેથી આવા કર્મચારીઓને નિયમિત નિમણૂંક આપવા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯(ક)(૪) ની જોગવાઈઓમાં છૂટછાટ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આથી વર્ષ ૨૦૧૨માં ફિક્સપગારનાં કારકુન વર્ગ-૩ સંવર્ગમાં નિમણૂંક પામેલ કર્મચારીઓએ પૂર્વસેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોની જોગવાઇ મુજબની નિયત તકોમાં પૂર્વસેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરે તેવા કર્મચારીઓ જો નાણા વિભાગના તા.૨૮/03/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ કરારની અન્ય બોલીઓ અને શરતો સંતોષતા હોય તો તેવા કર્મચારીઓને પાંચ વર્ષનો કરારીય સમયગાળો પૂર્ણ થયા બાદ

Scanned by CamScanner

તેઓની કરારીય સમયગાળામાં મળવાપાત્ર રજાઓ સિવાયની ગેરહાજરી (બીન પગારી રજાઓ)ના દિવસો ઉમેરીને જે તારીખે પાંચ વર્ષ પૂર્ણ થતાં હોય તે તારીખની તરત પછીની તારીખની અસરથી નિયમિત નિમણૂંક આપવા માટે ગુજરાત મૂલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૯(ક)-(૪) ની જોગવાઈમાં આથી છુટછાટ આપવામાં આવે છે.

તદ્દ અનુસાર સર્વે કલેકટરશ્રીઓએ વર્ષ ૨૦૧૨માં ફિક્સપગારનાં કારકુન વર્ગ-૩ સંવર્ગમાં નિમણૂંક પામેલ કર્મચારીઓના કિસ્સામાં નિયમિત નિમણૂંક અંગેના હુકમો કરવાના રહેશે. જો આ રીતે ગણવાપાત્ર તારીખ સિવાય પછીની એટલે કે તાલીમાન્ત પરીક્ષાના પરિણામની તારીખથી અસર દર્શાવતા હુકમો કરેલ હશે તો તે ઉક્ત સૂચનાઓ અનુસાર સુધારવાના રહેશે.

આ હુકમ સમાનાંકી ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગ મારફતે સરકારશ્રીની તા.૧૫/૧૦/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.ભાભોર)
ઉપસચિવ(સેવા)
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (ક.ગ),સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (નાણા),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (મહેસૂલ),મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી (આર્થિક બાબતો), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સિસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ (વેબસાઈટ પર મુકવાસારૂ.)
- સિલેક્ટ ફાઈલ

Scanned by CamScanner